## SECTION V

## GUJARATI VERSION

**(In case of any translation related ambiguity in question, English Version will hold good)**

1. એક સેના સંકેત અનુસાર ' SYSTEM 'નો સંકેત ' SYSMET ' છે અને 'NEARER'નો સંકેત 'AENRER' છે તો 'FRACTION'નો સંકેત શું હશે?
   (A) CARFTION (B) FRACNOIT
   (C) CARFNOIT (D) ARFCNOIT

2. ગંગાનું મૂળ કોને માનવામાં આવે છે?
   (A) ગંગોત્રી (B) ગોમુખ
   (C) કૈલાશ પર્વત (D) માનસરોવર

3. કયા ભારતીય ક્રિકેટ ખેલાડીનું ઉપનામ 'ટાઇગર' છે?
   (A) પટોદી (B) કપિલ દેવ
   (C) ગવાસ્કર (D) ધોની

4. કોના સબંધિ બીમારી જાણવા ઈ.સી.જી. કરવામાં આવે છે?
   (A) કિડની(મૂત્રપિંડ) (B) હૃદય
   (C) મગજ (D) રક્ત

5. આ કોણે કહ્યું હતું"જય જવાન જય કિસાન"?
   (A) ભગત સિંહ (B) ચન્દ્રશેખર આઝાદ
   (C) લાલ બહાદુર શાસ્ત્રી (D) ચરણ સિંહ

6. 'પુલીકટ ઝીલ' કયા રાજયમાં આવેલ છે?
   (A) તામિલ નાડુ (B) આંધ્રપ્રદેશ
   (C) બિહાર (D) કેરલ

7. "ઇન્ડિયા વિન્સ ફ્રીડમ"ના લેખક કોણ છે?
   (A) અબુલ કલામ આઝાદ (B) જવાહરલાલ નહેરુ
   (C) એન.સી.ચૌધરી (D) બી.એમ.કૌલ

8. ઓકલેન્ડ કયાં છે?

(A) ઓસ્ટ્રેલિયા (B) ન્યૂઝીલેન્ડ

(C) કેનેડા (D) આયરલેન્ડ

9. ઇમ્ફાલ કોની રાજધાની છે?

(A) મણીપુર (B) મેઘાલય

(C) ત્રિપુરા (D) આંદામાન અને નીકોબાર

10. 'ચન્દ્રમા' કોનો ઉપગ્રહ છે?

(A) સૂર્ય (B) માર્સ (મંગળ)

(C) જયુપીટર (ગુરુ) (D) પૃથ્વી

11. ભારતના પ્રથમ મહિલા પ્રધાનમંત્રી કોણ હતા?

(A) શ્રીમતિ ઇન્દિરા ગાંધી (B) શ્રીમતિ પી.ડી.એસ. પાટિલ

(C) શ્રીમતિ મીના કુમારી (D) શ્રીમતિ સુચેતા કૃપલાની

12. 12, 36, 6 અને 9 નો L.C.M. (લ.સા.અ.) છે :

(A) 144 (B) 108

(C) 72 (D) 36

13. દિલ્હીમાં એ જગ્યાનું શું નામ છે જયાં શ્રીમતિ ઇન્દિરા ગાંધીના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા?

(A) વિજયઘાટ (B) રાજઘાટ

(C) શક્તિ સ્થળ (D) શાન્તી વન

14. એક ગાડીની ગતિને માપવા માટે કયું યન્ત્ર વાપરવામાં આવે છે?

(A) થર્મોમીટર (B) બેરોમીટર

(C) સ્પીડોમીટર (D) ઓસિલોસ્કોપ

15. રાજાસાંસી આંતરરાષ્ટ્રીય વિમાનઘર કયા શહેરમાં આવેલ છે?

(A) નવી દિલ્હી (B) જલંધર

(C) અમૃતસર (D) ચંદીગઢ

16. "યમ" (YAMA) ના લેખક કોણ છે?

(A) સૂર્ય કાન્ત ત્રિપાઠી (B) સુમિત્રાનન્દન પન્ત

(C) મહાદેવી વર્મા (D) વત્સ્યાયન

17. નિમ્નલિખિતમાંથી જુદું હોય તે તારવો –

(A) ગાંધી (B) બુદ્ધ

(C) જિસસ (D) મહાવીર

18. છ સંખ્યાઓની સરેરાશ 30 છે. જો પ્રથમ ચાર સંખ્યાઓની સરેરાશ 25 તથા અન્તિમ તીન સંખ્યાઓની સરેરાશ 35 હોય, તો ચોથી સંખ્યા કઇ છે?

(A) 25 (B) 30

(C) 35 (D) 40

19. હરિત–ક્રાન્તિ કોના વધેલા ઉત્પાદન સાથે સબંધિત છે?

(A) ચાય (B) ઘઉં

(C) ખાંડ (D) ચોખા

20. કોઇક ચોકકસ સાંકેતિક ભાષામાં KIRANને JJQBMલખવામાં આવે છે તે જ સાંકેતિક ભાષામાં JABEDને કેવી રીતે લખવામાં આવશે?

(A) KBAFC (B) IBCFC

(C) IBAFC (D) IBADC

21. જો 12 વ્યક્તિ એક કૂવાને 20 દિવસમાં ખોદી શકે છે તો 15 દિવસમાં આ કૂવાને ખોદવામાં કેટલા વ્યક્તિઓને જોડવા પડશે?

(A) 15 (B) 16

(C) 18 (D) 13

22. અગ્નિશમનમાં કઇ ગેસ વપરાય છે?

(A) કાર્બન મોનોકસાઇડ (B) નિઓન

(C) કાર્બન ડાયોકસાઇડ (D) એમોનિયા

23. અરુણે કહ્યું, "આ છોકરી મારી માતાના પૌત્રની પત્ની છે." અરુણ સાથે છોકરીનો શું સબંધ છે?

(A) પિતા (B) દાદ

(C) પતિ (D) સસરા

24. બે નળ એક ટાંકીને અનુક્રમે 2 કલાક તથા 3 કલાકમાં ભરી દે છે. જો બન્ને નળ એક સાથે ખોલી દેવામાં આવે તો ટાંકી ભરાતા કેટલો સમય લાગશે?

(A) 2 કલાક 30 મિનિટ (B) 5 કલાક

(C) 1 કલાક 12 મિનિટ (D) 30 મિનિટ

25. 22.5 મીટર પ્રતિ સેકન્ડની ઝડપથી જઇ રહી રેલગાડી 50 મિનિટમાં કેટલા કિલોમીટરનું અંતર કાપશે?

(A) 112.5 કિલોમીટર (B) 11.25 કિલોમીટર

(C) 56.25 કિલોમીટર (D) 67.5 કિલોમીટર

26. સ્ટેનલેસ સ્ટીલ કોનું સંમિશ્રણ (Alloy) છે?

(A) લોખંડ અને નિકલ (B) લોખંડ અને ક્રોમિયમ

(C) લોખંડ અને ઝિંક (D) લોખંડ

27. ત્રિમૂર્તિ કોના સાથે સબંધિત છે?

(A) એલોરા (B) અજંતા

(C) ખજુરાહો (D) એલીફેન્ટાની ગુફાઓ

28. 49 વિદ્યાર્થીઓની એક કક્ષામાં કરીમનું સ્થાન ઉપરથી 16મું છે, તો નીચેથી કરીમ કયા સ્થાન પર હશે?

(A) 32 (B) 33

(C) 36 (D) આમાંનું કોઇ નહીં

29. 270 મીટર લાંબી રેલગાડી ટેલીફોનના એક થાંભલાને 18 સેકન્ડમાં પસાર કરે છે. રેલગાડીની ગતિ કેટલી છે?

(A) 35 કિ.મી./કલાક (B) 41 કિ.મી./કલાક

(C) 45 કિ.મી./કલાક (D) 54 કિ.મી./કલાક

30. સાંભર ખારું સરોવર (Sambhar Salt Lake) કયા રાજયમાં આવેલ છે?

(A) રાજસ્થાન (B) હિમાચલ પ્રદેશ

(C) કર્ણાટક (D) મધ્યપ્રદેશ

31. 'સીસ્મોગ્રાફ' દ્વારા શું માપવામાં આવે છે?

(A) ઉષ્ણતામાન (B) ભૂકમ્પ

(C) હવાનું દબાણ (D) ગતિ

32. કયો ગ્રહ વલય–યુકત (Ringed Planet) છે?

(A) શનિ (B) જયુપીટર (ગુરુ)

(C) માર્સ (મંગળ) (D) બુધ

33. નિમ્ન પ્રશ્નમાં આપવામાં આવેલ સંખ્યા શ્રેણીમાં એક સંખ્યા અસંગત છે. તે અસંગત સંખ્યાને ઓળખો.

2, 5, 10, 17, 25, 37

(A) 10 (B) 37

(C) 17 (D) 25

34. એ કઈ સંખ્યા છે જેના 20%, 10 છે?

(A) 30 (B) 40

(C) 50 (D) 36

35. એક કાર્યને કેટલાક માણસો 100 દિવસમાં પૂર્ણ કરી શકે છે. જો 10 માણસો ઓછા થઇ જાય તો કાર્ય 10 દિવસ કરતાં વધારેમાં પૂર્ણ થાય છે. શરૂઆતમાં કુલ કેટલા માણસો હતા?

(A) 50 (B) 75

(C) 82 (D) 110

36. અજન્તા–ઇલોરા ગુફાઓ અહીં આવેલ છે

(A) રાજસ્થાન (B) ગુજરાત

(C) આંધ્રપ્રદેશ (D) મહારાષ્ટ્ર

37. એક મશીન 10% નફા પર વેચવામાં આવી. જો આ રૂા.40 ઓછામાં વેચવામાં આવત તો 10%ની ખોટ જાત. મશીનની ખરીદ કિંમત શું હતી?

(A) ₹175 (B) ₹200

(C) ₹225 (D) ₹250

38. પ્રથમ એશિયાડ કયા વર્ષમાં થઇ હતી?

(A) 1951 (B) 1953

(C) 1954 (D) 1956

39. "સ્ટિક" કઇ રમત સાથે સબંધિત છે?

(A) બિલિયર્ડ (B) હોકી

(C) બોક્સિંગ (D) ક્રિકેટ

40. ભારતનો 'રાષ્ટ્રીય ખેલ' છે :

(A) ક્રિકેટ (B) ફુટબોલ

(C) હોકી (D) વોલીબોલ

41. જે પ્રકારે ફિલ્મનો સબંધ કેમેરા સાથે છે તે જ રીતે આંખનો સબંધ નીચેનામાંથી કોની સાથે છે?

(A) આઇરિસ (B) રેટિના

(C) કોર્નિયા (D) કોન

42. "મેલેરિયા" નો કીટાણું કયો હોય છે.

(A) વાયરસ (B) બેકટેરિઆ

(C) ફંફૂદ (D) આમાંનું કોઇ નહીં

43. 'ચિલ્કા ઝીલ' કયા રાજ્યમાં છે.

(A) રાજસ્થાન (B) ઓડિશા

(C) બિહાર (D) મધ્યપ્રદેશ

44. કઈ ભારતીય મહિલાને સૌથી પહેલા નોબલ પુરસ્કાર મળ્યો?

(A) મધર ટેરેસા (B) માયાવતી

(C) મમતા બેનર્જી (D) નર્ગિસ દત્ત

45. મધર ટેરેસાનો જન્મ ક્યાં થયો હતો?

(A) સ્વિટઝરલેન્ડ (B) ભારત

(C) જર્મની (D) અલ્બાનિયા

46. નીચેનામાંથી કયું રશિયાની સંઘિય અંતરિક્ષ એજન્સીનું નામ છે?

(A) રોસકોસમોસ (B) કોસમોસ

(C) રોસમોસ (D) કોસ્મિક

47. પોતાની મહિલા મિત્રની હત્યાના આરોપમાં ધરપકડ કરાયેલ ખેલાડી નીચેનામાંથી કયા દેશનો છે?

(A) ઝિમ્બાબ્વે (B) કેન્યા

(C) નાઇજિરિયા (D) દક્ષિણ આફ્રિકા

48. આમેરનો કિલ્લો ક્યાં આવેલ છે?

(A) જયપુર (B) ઉદયપુર

(C) બિકાનેર (D) અલ્વર

49. કઠપુતલી કયા રાજ્યનું પ્રમુખ્ય લોકનૃત્ય છે?

(A) રાજસ્થાન (B) પંજાબ

(C) ઉત્તર પ્રદેશ (D) હરિયાણા

50. સરિસ્કા વન્ય જીવ અભ્યારણ્ય ક્યાં આવેલ છે?

(A) જયપુર (B) ઉદયપુર

(C) અજમેર (D) અલ્વર

51. એ શબ્દ યુગ્મને ચૂંટો, જે પરસ્પર તે જ પ્રકારે સબંધિત છે જે આપવામાં આવલ શબ્દ પરસ્પર ધરાવે છે.

વિભ્રમતા : ઘમંડ : : ?

(A) સ્થૂળ : જાડાપણું
(B) સૈનિક : સોનું
(C) બરાડા પાડવા : બોલવું
(D) દુર્બળતા : શક્તિ

નિર્દેશ : પ્રશ્ન સં. 52 થી પ્રશ્ન સં. 53 આ પ્રશ્નોમાં ત્રણ શબ્દ આપવામાં આવ્યા છે. : : ની ડાબી બાજુના પહેલા બે શબ્દોની વચ્ચે કોઈક સબંધ છે. આપવામાં આવેલા વિકલ્પોમાંથી તે શબ્દ ઓળખો જેનો :: ની જમણી બાજુએ આપવામાં આવેલા શબ્દ સાથે તે જ રીતનો સબંધ છે.

52. પહેરો : સુરક્ષા : : વીમો : ?

(A) ધન
(B) સંરક્ષણ
(C) પોલિસી
(D) નાણાંકીય

53. કાર : ગેરેજ : વિમાન : ?

(A) પોર્ટ (Landing)
(B) ડેપો
(C) હેંગર
(D) બંદર (Harbour)

54. સૂર્યથી પૃથ્વીનું અંતર 93.15 મિલિયન માઇલ છે. જો પ્રકાશની ગતિ સેકન્ડ દીઠ 186300 માઇલ હોય તો સૂર્યથી પૃથ્વી સુધી પ્રકાશને આવતા કેટલો સમય લાગશે?

(A) 0.0005 સેકન્ડ
(B) 0.05 સેકન્ડ
(C) 5 સેકન્ડ
(D) 500 સેકન્ડ

55. એક વ્યક્તિએ એક ઘડિયાળ 400 ની આંકેલી કિંમત પર લીધી. તેને એક પછી એક ક્રમશઃ 15% તથા 10%ની છૂટ મળી. તેને ઘડિયાળની કિંમત કેટલા રૂપિયા આપવા પડે?

(A) ₹360
(B) ₹350
(C) ₹316
(D) ₹306

56. એક 70 લીટર શરાબ અને પાણીના મિશ્રણમાં 10% પાણી છે. આમાં કેટલું બીજું પાણી ભેળવવામાં આવે જેથી કુલ મિશ્રણમાં 12½ % પાણી થઇ જાય?

(A) 1 લીટર
(B) 2 લીટર
(C) 5 લીટર
(D) 9 લીટર

57. લોહીને જામવાની પ્રક્રિયામાં કયું વિટામિન જવાબદાર છે?

(A) A (B) B

(C) K (D) E

58. વિટામિન ' A'નું સૌથી ઉત્તમ સ્રોત કયું છે?

(A) લીંબુ (B) આમળા

(C) દ્રાક્ષ (D) ગાજર

59. નીચે આપવામાં આવેલ પ્રશ્નમાં પ્રશ્નવાચક ચિહ્ન (?) ના સ્થાન પર શું આવશે?

15 : 225 :: 35 : ?

(A) 1225 (B) 575

(C) 1325 (D) 1125

60. 0.17 x 0.19 = ?

(A) 0.3230 (B) 3.230

(C) 0.00323 (D) 0.0323

61. તાંબાનીખાણો આમાંથી કયા સ્થાન પર આવેલી છે?

(A) કરનપુર (B) ખેતરી

(C) પાલામઉ (D) રામગિરી

62. આપવામાં આવેલી શ્રેણીમાં હવે પછીની સંખ્યા કઇ હશે?

4, 9, 20, 43, ?

(A) 133 (B) 90

(C) 96 (D) 86

63. કયું શહેર અલકનંદા નદીના કિનારે આવેલું છે?

(A) બદ્રીનાથ (B) કેદારનાથ

(C) મથુરા (D) અયોધ્યા

64. એક સમારંભમાં મહિલાઓ તથા પુરુષોની સંખ્યા 1:2 ના પ્રમાણમાં હતી. પરંતુ 2 મહિલાઓ તથા 2 પુરુષોના જવાથી સરેરાશ 1:3 થઈ જાય છે. સમારંભમાં શરૂઆતમાં કેટલા લોકો હતા?

(A) 36 (B) 24

(C) 18 (D) 12

65. 5 + 16 ÷ 8 આના બરાબર છે

(A) 2.625
(B) 7
(C) 8
(D) 10

66. 'વણકરોનું શહેર' કયા શહેરનું ભૌગોલિક ઉપનામ છે?

(A) પાણીપત
(B) લુધિયાના
(C) અંબાલા
(D) ફિરોઝપુર

67. 'ઇલેકટ્રોનિક શહેર' કયા શહેરનું ભૌગોલિક ઉપનામ છે?

(A) બેન્ગલુરુ
(B) પૂણે
(C) દિલ્હી
(D) જયપુર

68. Aએ એક ઇમારત Bને 10% ફાયદામાં તથા B એ C ને 10% ખોટમાં વેચી. જો C, ઇમારત માટે 980100 આપે છે તો Aને આ ઇમારત કેટલામાં મળી હશે?

(A) ₹900000
(B) ₹970299
(C) ₹980100
(D) ₹990000

69. નીચેના પ્રશ્નમાં જે એક બાકીના ત્રણની સાથે મેળ ખાતું નથી, તેને ઓળખો.

શ્વાસ લેવો, તરવું, નાચવું, રમવું

(A) શ્વાસ લેવો
(B) તરવું
(C) નાચવું
(D) રમવું

70. ભારતનું રાષ્ટ્રીય પક્ષી કયું છે?

(A) મોર
(B) કબૂતર
(C) પોપટ
(D) ચકલી

71. હેલી પૂછડિયો તારો (Halley's comet) છેલ્લે કયારે જોવામાં આવ્યો હતો?

(A) 1986
(B) 1996
(C) 2006
(D) 2010

72. એક સોફાને 19800/- માં વેચવા પર એક વ્યક્તિને 10%નો નફો થાય છે. તો આની ખરીદ કિંમત શું છે?

(A) ₹17820
(B) ₹21780
(C) ₹18000
(D) આમાંનું કોઈ નહીં

73. ભાભા પરમાણુ કેન્દ્ર કયાં આંવેલ છે?

(A) મુંબઇ (B) કોટા

(C) પૂણે (D) બેન્ગલુરુ

74. રાયગઢ કિલ્લો કઇ ઐતિહાસિક વ્યક્તિ સાથે સબંધિત છે?

(A) રાણા પ્રતાપ (B) શિવાજી

(C) અકબર (D) મોહમ્મદ તુઘલક

75. 'ભારતના લોખંડી પુરુષ'ના નામે કોણ જાણિતા છે?

(A) સરદાર પટેલ (B) જવાહરલાલ નહેરુ

(C) લાલ બહાદુર શાસ્ત્રી (D) રાજીવ ગાંધી

76. જાપાનની રાષ્ટ્રીય મુદ્રા(ચલણી નાણું) શું છે?

(A) ડોલર (B) યૂરો

(C) રીયાલ (D) યેન

77. ઓરનિથોલોજી (Ornithology) કોના અંગેનું વિજ્ઞાન છે?

(A) પક્ષીઓનું (B) જળચરોનું

(C) ફોસિલ(અશ્મિઓ) (D) રેશમના કીડાનું

78. મેઘદૂતના રચનાકાર કોણ છે?

(A) તુલસીદાસ (B) કાલિદાસ

(C) રસખાન (D) કબીર

79. નીચેનામાંથી આંધ્રપ્રદેશનું લોકપ્રિય નૃત્ય કયું છે?

(A) કત્થક (B) કત્થક કલી

(C) યક્ષગાન (D) કુચીપુડી

80. જો 438 સન્તરાનું મૂલ્ય 1384.08 હોય, તો 8 ડઝન સન્તરાનું મૂલ્ય લગભગ કેટલા રૂપિયા હશે?

(A) ₹403.36 (B) ₹303.36

(C) ₹400 (D) ₹503.36

81. ત્રણ આંકડાની સૌથી મોટી સંખ્યા કઇ હશે જે 3, 4, 5 તથા 8 વડે પૂર્ણરૂપે વિભાજિત થઇ જાય?

(A) 980
(B) 970
(C) 960
(D) 930

82. પ્રથમ પંચવર્ષીય યોજના ભારતમાં ક્યારે શરૂ થઇ?

(A) 1950
(B) 1951
(C) 1952
(D) 1953

83. બૌદ્ધો (Buddhist) નું પ્રસિદ્ધ તીર્થ કેન્દ્ર કુશીનગર કયા રાજ્યમાં છે?

(A) બિહાર
(B) ઉત્તર પ્રદેશ
(C) મધ્યપ્રદેશ
(D) ઓડિશા

84. એક ડીલર કોઇ વસ્તુની મૂળ કિંમત પર વેચવા 1 કિલો વજનને બદલે 900 ગ્રામ વજનનો ઉપયોગ કરે છે. આના નફાના ટકા શોધો.

(A) 0.9
(B) 9
(C) 10
(D) $11\frac{1}{9}$

85. એક વ્યક્તિએ ₹200માં એક ઘોડો ખરીદ્યો અને ₹250માં વેચી દીધો. તેના નફાની ટકાવારી કાઢો.

(A) 15
(B) 25
(C) 20
(D) 50

86. ટીપૂ સુલ્તાન અહીંનો શાસક હતો.

(A) હૈદરાબાદ
(B) અહમદનગર
(C) મૈસૂર
(D) અમદાવાદ

87. નિમ્નલિખિત વર્ણમાળા સમૂહોમાં કોઇ એક બાકીના ત્રણેય કરતાં ભિન્ન છે. જે અલગ હોય તેને તારવી કાઢો.

(A) ACXY
(B) DFUW
(C) EGTV
(D) BDYZ

88. 20% શુદ્ધતા વાળા 5 લીટર સલ્ફ્યૂરિક એસિડમાં 100% શુદ્ધતા વાળા 5 લીટર સલ્ફ્યૂરિક એસિડમાં ભેળવવામાં આવે છે. મિશ્રણમાં હવે એસિડની શક્તિ શું છે?

(A) 50%
(B) 52.5%
(C) 57.5%
(D) 60%

89. એક વ્યક્તિ કોઇક સંપત્તિના પોતાના $\frac{3}{5}$ ભાગના $\frac{2}{5}$ભાગને 12000/- માં વેચે છે. ઉસ સંપત્તિની કિંમત જાણો.

(A) ₹20000
(B) ₹25000
(C) ₹40000
(D) ₹50000

90. ભોજનની ઊર્જા આમાં આંકવામાં આવે છે.

(A) કૈલોરી
(B) કિલોગ્રામ
(C) મીટર
(D) યાર્ડ

91. વિયેટનામની રાજધાની કઇ છે?

(A) ટોક્યિો
(B) જિનિવા
(C) રોમ
(D) હનોઈ

92. લુપ્ત પદ જાણો :

15, 31, 64, 131, ?

(A) 266
(B) 256
(C) 196
(D) 524

93. સિરીઝનું પછીનું પદ જાણો –

36, 40, 48, 60, 76, ?

(A) 92
(B) 94
(C) 96
(D) 98

94. એક ગામની વસ્તી 10000ની છે. જો પુરુષ 5% તથા સ્ત્રીઓ 6%ના દરે વધે છે તો વસ્તી 10540 થશે. ગામમાં કુલ કેટલી સ્ત્રીઓ છે?

(A) 3000
(B) 3500
(C) 4000
(D) 4500

95. એક દૂકાનદારે 2 રેડિયો રૂ.396 ના એકના દરે વેચ્યા. એક પર તેને 10%નો નફો તથા બીજા પર 10%ની ખોટ ગઇ. નીચેનામાંથી કયું વાક્ય સાચું છે?

(A) ન નફો થયો ન ખોટ ગઇ
(B) 1%ની ખોટ ગઇ
(C) 1%નો નફો થયો
(D) 8%નો નફો થયો

96. અરુણાચલ પ્રદેશની રાજધાની કઇ છે?

(A) ઇટાનગર
(B) દિસપુર
(C) ગૌહાટી
(D) કોહિમા

97. જ્યારે તમે ટામેટા ખાવ છો, ત્યારે તમે આ ખાઇ રહ્યા છો :

(A) મૂળ
(B) થડ
(C) પાંદડું
(D) ફળ

98. સિરીઝ પૂર્ણ કરો -

10, 20, 80, 480, 3840, ------

(A) 5840
(B) 38400
(C) 38600
(D) 35600

99. નિમ્નલિખિત સંખ્યા શ્રૃંખલામાંથી અસંગત સંખ્યાને તારવો

6, 13, 22, 33, 46, 60

(A) 13
(B) 60
(C) 33
(D) 46

100. એક કોલેજના 40% વિદ્યાર્થી મહારાષ્ટ્રના છે અને તેમાંથી 40% વિદ્યાર્થી મુંબઇથી છે. કોલેજના કેટલા ટકા વિદ્યાર્થી મુંબઇના છે?

(A) 80
(B) 16
(C) 12
(D) 8